ઈ-મેઈલ

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૨/૨૩૪૭૭ - ૫૮૦

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૬/૦૮/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : 'યુવા મતદાર મહોત્સવ-૨૦૨૨' ની ઉજવણી કરવા બાબત.
સંદર્ભ : શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: પરચ-૧૨૨૦૨૨-૪૩૦-વ.ર, તા.૪/૮/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, મતદાર જાગૃતિ અને મતદા કેળવણી અભિયાન (SVEEP) અંતર્ગત નાગરિકો ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય રીતે જોડાય તે માટે ચૂંટણી પંચની સૂચના અનુસાર યોજાતી વિવિધ પ્રવૃત્તિઓ પૈકી યુવા, શહેરી મતદારોમાં ચૂંટણી પ્રક્રિયા અંગે જાગૃતિ આવે તે માટે પ્રતિ વર્ષની જેમ વર્ષ ૨૦૨૨ માં પણ આ વર્ષની થીમ - "આવો ચૂંટણી પ્રક્રિયાને સમાવિષ્ટ, સુગમ અને સહભાગી બનાવીએ" હેઠળ 'યુવા મતદાર મહોત્સવ' નું આયોજન કરવામાં આવેલ છે.

ઉક્ત મહોત્સવની ઉજવણી માટે બે કેટેગરી (કેટેગરી-A અને B મુજબની કૃતિઓ) માં સ્પર્ધાઓનું આયોજન કરેલ છે અને સ્પર્ધકો માટે વિભાગ-૧ અને ૨ નક્કી કરેલ છે. સામાન્ય વહીવટ વિભાગ, ઈલેક્શન પ્રભાગના તા.૧/૮/૨૦૨૨ ના પત્રથી આ સાથે સામેલ 'યુવા મતદાર મહોત્સવ-૨૦૨૨' માટેની માર્ગદર્શક સૂચનાઓમાં જણાવેલ તમામ સૂચનાઓનો અભ્યાસ કરી નિયત સમયમર્યાદામાં સ્પર્ધાઓનું સુચારૂ આયોજન થાય તે માટે આપની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરવા તેમજ આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જરૂરી જાણ કરવા તથા સૂચનાઓ પરિપત્રિત કરવા જણાવવામાં આવે છે.

પરીપત્ર નં. 156

ક્રમાંક:યજન/યુવા મતદાર મહોત્સવ/૨૦૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૧૭/૦૮/૨૦૨૨

ઉપરોક્ત પરીપત્ર અન્વયે જાણ તથા અમલ સારુ

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક તથા ઉચ્ચત્તર મા. શાળાઓ તમામ,
જિ.અમરેલી

Scanned with CamScanner

❖ યુવા મતદાર મહોત્સવ –૨૦૨૨ દરમ્યાન શૈક્ષણિક સંસ્થાઓ તરફથી કે વ્યક્તિગત રજૂ થનાર કૃતિઓ તારીખઃ ૩૦.૦૮.૨૦૨૨ સુધીમાં કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી અથવા તેમના ધ્વારા અધિકૃત કરવામાં આવેલ સક્ષમ અધિકારીને મોકલી આપવાની રહેશે.

❖ જિલ્લાકક્ષાએ દરેક કેટેગરીની સ્પર્ધાઓમાંથી શ્રેષ્ઠ ત્રણ કૃતિઓની પસંદગી માટે તારીખ ૦૫/૦૯/૨૦૨૨ સુધીમાં જિલ્લા કક્ષાની કમિટિની બેઠક બોલાવી તે અંગે નિર્ણય કરવાનો રહેશે.

❖ જિલ્લાકક્ષાએ પસંદગી પામેલ શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ તા.૧૦/૦૯/૨૦૨૨ સુધીમાં મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરીને રાજયકક્ષાએ પસંદગી માટે રજૂ કરવાની રહેશે.

❖ જિલ્લા તરફથી મળેલ કૃતિઓ ઉપર રાજયકક્ષાની પસંદગી સમિતીની બેઠક ઓક્ટોબર મહિનામાં પ્રથમ અઠવાડિયે બોલાવી દરેક કેટેગરીમાં રાજયકક્ષાની શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ પસંદ કરવામાં આવશે.

❖ અગાઉના વર્ષો દરમિયાન યોજવામાં આવેલ યુવા મતદાર મહોત્સવ અંતર્ગત રચવામાં આવેલ કમીટી ચાલુ રાખવી કે કેમ તેનો નિર્ણય કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીએ કરવાનો રહેશે. જો નવી કમીટીની રચના કરવી જરૂરીયાત જણાયતો સમયસર કમીટીની રચનાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

❖ ગ્રામ્ય કક્ષાએ યુવા મતદાર મહોત્સવના વિજેતા પ્રથમ ત્રણ સ્પર્ધકોને રાષ્ટ્રીય મતદાતા દિવસ–૨૦૨૩ની ઉજવણી દરમિયાન મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રી, તાલુકાકક્ષાએ મતદાર નોંધણી અધિકારીશ્રી તથા જિલ્લાકક્ષાના વિજેતાઓને જિલ્લા ચૂંટણી અધિકારીની સહીથી પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવાના રહેશે.

❖ 'યુવા મતદાર મહોત્સવ–૨૦૨૨' ના દરેક વિભાગમાં બંને કેટેગરીઓની કૂલ પાંચ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થનાર વિજેતાઓને જિલ્લાકક્ષાએ પ્રમાણપત્ર અને આ સાથે સામેલ **પત્રક–૧ માં** દર્શાવ્યા મુજબની રકમ પુરસ્કાર રૂપે એનાયત કરી 'રાષ્ટ્રીય મતદાન દિવસ,૨૦૨૩' ની ઉજવણી દરમિયાન સન્માનિત કરવાના રહેશે.

❖ તારીખ ૧૨ ઓગસ્ટ થી ૨૨ ઓગસ્ટ સુધીમાં પસંદગીના દિવસોએ સ્પર્ધાનું આયોજન કરવું.

❖ કેટેગરી ૧ માં ભાગ લેવા ઇચ્છતા યુવામિત્રોને પોતાની કૃતિઓ અગાઉથી બનાવીને સાથે લઈને આવવાની રહેશે. જયારે કેટેગરી ૨ માટે, સ્પર્ધકો સ્થળ પર કૃતિ બનાવી શકશે.

❖ સ્પર્ધકોને પોતાની રચનાત્મકતા માટે પૂરતો સમય મળી રહે તે સુનિશ્ચિત કરવું.

❖ જરૂર જણાયે જરૂરી સાધન સામગ્રી પુરી પાડવી.

❖ સ્પર્ધાના દિવસે દરેક સ્પર્ધકે મતદારયાદીમાં નોંધણીની વિગત બતાવવાની રહેશે, અથવા નોંધણી ન કરાવેલ હોય તો સ્થળ પર જ નોંધણી કરાવી શકે/ અરજી કરી શકે તેવી વ્યવસ્થા રાખવાની રહેશે.

❖ સ્પર્ધાના સ્થળ પર દરેક સ્પર્ધકને પોતાના મોબાઈલમાં વોટર હેલ્પલાઇન એપ ડાઉનલોડ કરવા માટે પ્રેરિત કરવા.

❖ યુવા મતદાર મહોત્સવનો પ્રારંભ શૈક્ષણિક સંસ્થાઓમાં એક જાગૃતિ કાર્યક્રમ સાથે કરવો. આ કાર્યક્રમમાં મહત્તમ સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લે તે સુનિશ્ચિત કરવું. આ કાર્યક્રમ માટેની રૂપરેખા આ સાથે આપેલ છે તે પ્રમાણે તેનું આયોજન કરવું.

*************************************************************

Scanned with CamScanner

| 'યુવા મતદાર મહોત્સવ – ૨૦૨૨" ના પ્રારંભે યોજવાના કાર્યક્રમની રૂપરેખા | | |
|---|---|---|
| ક્રમ | કાર્યક્રમની વિગત | અંદાજિત સમયગાળો |
| ૧ | સ્વાગત તથા વિષય પરિચય : મતદારયાદીમાં નામ નોંધણી: મહત્વ, પ્રક્રિયા, ઓનલાઇન સેવાઓ, નવા સુધારા મુજબ લાયકાતની તારીખો વગેરે | ૫ મિનિટ |
| ૨ | પ્રેઝેન્ટેશન/ વીડિયો : ભારતનું લોકતાંત્રિક માળખું, ચૂંટણી પ્રક્રિયા, મતાધિકાર, મતનું મહત્વ, લોકભાગીદારી, મતદાનની પ્રક્રિયા, EVM - VVPAT દ્વારા મતદાન વગેરે. (PPT : 'સરળ મતદાર નોંધણી' વિશે(૯ – સ્લાઇડ), વીડિયો : સમગ્ર મતદાન પ્રિક્રિયા વિશે (૪ – મિનિટ)) | ૮ થી ૧૦ મિનિટ |
| ૩ | વોટર હેલ્પલાઇન એપના ઉપયોગ પર વિડીયો ફિલ્મ | ૪ મિનિટ |
| ૪ | સર્વે સહભાગીઓ દ્વારા વોટર હેલ્પલાઇન એપ ડાઉનલોડ કરવું | ૫ મિનિટ |
| ૫ | યુવાનો કઈ રીતે યોગદાન આપી શકે | ૨ થી ૫ મિનિટ |
| ૬ | સામુહિક રીતે મતદાર તરીકેની પ્રતિજ્ઞા લેવી | ૧ થી ૨ મિનિટ |
| ૭ | પ્રશ્નોત્તરી સેશન | -- |
| ૮ | આભારવિધિ | -- |
| | **કુલ સમય (અંદાજે)** | **૩૦ થી ૪૦ મિનિટ** |

Scanned with CamScanner

